# દિવ્યાંગોનું પુનર્વસન કરે છે ફેલોશિપ ઑફ ધી ફિઝિકલી હેન્ડિકેપ્ડ

એફપીએચ બિલ્ડિંગ, લાલા લજપતરાય માર્ગ, હાજીઅલી, મુંબઈ- ૪૦૦૦૩૪. ફોન : (022) 23538476/23548490 ઈમેલ: info@fphmumbai.org



**વેબસાઈટ : www.fphmumbai.org**
**સંસ્થાને અપાતું દાન 80-G હેઠળ કરમુક્ત છે.**

ફેલોશિપ ઑફ ધી ફિઝિકલી હેન્ડિકેપ્ડ (FPH) સંસ્થા દિવ્યાંગજનોનું આર્થિક અને સામાજિક પુનર્વસન કરે છે. દિવ્યાંગજનને કારીગરી અથવા વ્યવસાયની તાલીમ આપીને કુશળ બનાવે છે જેથી દિવ્યાંગ વ્યક્તિ નોકરી કરી શકે અથવા સ્વતંત્ર રીતે પોતાનું કામ કરી શકે છે. શારીરિક સક્ષમ વ્યક્તિ કામ કરવા લાગે એટલે કે પોતાના પગ પર ઊભી રહે છે પછી ઘર કે સમાજમાં તેનું માન વધી જાય છે. આ બહુ મોટું કામ છે. આ સંસ્થામાં પ્રવેશનાર બીનશિખાઉ દિવ્યાંગબંધુ કુશળ બનીને નીકળે છે એટલે તેના જીવનમાંથી હતાશા દૂર થઈ જાય છે. એમ સમજોને કે તેનું કલ્યાણ થઈ જાય છે. આવું સત્કાર્ય એફપીએચ કરે છે. અહીં નોંધવું જોઈએ કે, ૧૮થી ૪૦ વર્ષની વયનાને તાલીમ અપાય છે.

દિવ્યાંગજનોને કામ શીખવા માટે પસંદગી મળે છે. એની શારીરિક ખામી જોઈને એ કયું કામ કરી શકે તેમ છે અથવા તેની પસંદગી કયા કામ પર છે એ પ્રમાણેના વિભાગમાં એને તાલીમ અપાય છે. આ એક એવું અદ્વિતીય NGO છે જ્યાં દિવ્યાંગજનને તાલીમની સાથે સાથે સવારે ચા-નાસ્તો, બપોરે ભોજન, બપોર પછી ચા-બિસ્કિટ વિનામૂલ્યે અપાય છે. દરેકને ફ્રી ટ્રાન્સપોર્ટેશનની સગવડ અપાય છે. વેસ્ટર્ન રેલવેના ઉપનગરોમાંથી આવનાર માટે મહાલક્ષ્મી સ્ટેશનેથી અને સેન્ટ્રલ રેલવેના સ્ટેશનેથી આવનારને ભાયખલાથી પીકઅપ કરાય છે અને સાંજે પાછા જે તે સ્ટેશને મૂકવામાં આવે છે અને તેમની પાસેથી કોઈ ફી લેવાતી નથી. ઉલટું દરેકને ચાર વર્ષની ટ્રેનિંગ સાથે સ્ટાઈપેન્ડ અપાય છે. જે આ સંસ્થાની વિશેષતા છે. ઘણી વાર કોઈ પીકઅપ ઓછું કરતા હોય તેમને વધુ સમય પણ ટ્રેનિંગ અપાય છે. ટ્રેનિંગ લઈ જનારા આત્મનિર્ભર થયા છે.

ફેલોશિપ ઑફ ધી ફિઝિકલી હેન્ડિકેપ્ડ (FPH) સંસ્થાની ઈમારત હાજીઅલી વિસ્તારમાં લાલા લજપતરાય રોડ પર આવેલી છે. પ્રથમ વડા પ્રધાન જવાહરલાલ નહેરુના હસ્તે તેનો શિલાન્યાસ કરાયો હતો. આ સંસ્થાની શરૂઆત નરીમાન પૉઈન્ટમાં તત્કાલીન સાંસદ ફાતિમા ઈસ્માઈલે કરી હતી. બેરેક જેવી નાની જગ્યામાં પોલિયોગ્રસ્ત દરદીને મસાજ કરાતી. એટલા સેવાકાર્યથી શરૂઆત થઈ હતી. હાલમાં મોટું ભવન છે. જ્યાં દિવ્યાંગજનને આત્મનિર્ભર કરવા તાલીમ અપાય છે. જેના દસ ડિપાર્ટમેન્ટ છે.

પોલિયોનું પ્રમાણ ઘટતાં તેના કારણે દિવ્યાંગની સંખ્યા ઘટી છે, પણ અકસ્માતથી ક્ષતિગ્રસ્ત થયેલા પેરાપ્લેજીક પેશન્ટ અહીં આવે છે. મંદબુદ્ધિના વિદ્યાર્થીઓ માટે પણ અહીં વ્યવસ્થા છે.

### દિવ્યાંગજનો માટે કેમ્પ

મહારાષ્ટ્ર અને ગુજરાતના ગ્રામ્ય વિસ્તારમાં દિવ્યાંગજનો માટે કેમ્પ યોજવામાં આવે છે. જેમાં બીજી સંસ્થાઓનો સહયોગ મેળવીએ છીએ. જેનો ઉદ્દેશ ત્યાં વસતા દિવ્યાંગજનોને જરૂરી સાધનો પૂરા પાડવાનો છે. તેમને શું જોઈએ છે તેનો અભ્યાસ કરીને સાધનો વિનામૂલ્યે આપવામાં આવે છે. અત્યાર સુધી ૧૮ કેમ્પ યોજાયા છે. કુલ અંદાજે એક કરોડ રૂ.ના સાધનોનું વિતરણ કરાયું છે. દરેક કેમ્પમાં અંદાજે ૨૫૦ લાભાર્થી હોય છે. FPHની પ્રવૃત્તિઓમાં 'જન્મભૂમિ' અખબાર મીડિયા પાર્ટનર રહે છે.

### વિવિધ એવૉર્ડથી સન્માન

FPHની પ્રવૃત્તિઓ-કાર્યોની સમય સમય પર સન્માન-એવૉર્ડ રૂપે કદર થઈ છે. અમદાવાદ ખાતેની એક સંસ્થા શ્રીમતી નંદિની પી. દિવેટિયા રૂરલ ડેવલપમેન્ટ ઍન્ડ મૅનેજમેન્ટ ઈન્સ્ટિટ્યૂટ દિવ્યાંગોને એવૉર્ડથી નવાજે છે. માત્ર દિવ્યાંગને જ નહિ, દિવ્યાંગોના ઉત્કર્ષ માટે કામ કરતી સંસ્થાને પણ ઈન્સ્ટિટ્યુશનલ એવૉર્ડથી નવાજેશ કરે છે. ૨૦૧૯ના વર્ષનો એવૉર્ડ FPHને મળ્યો હતો. ૧૯૭૬માં ન્યૂ જર્સીની સંસ્થા કેસલર ઈન્સ્ટિટ્યૂટ ફોર રિહેબિલિટેશન તરફથી ડિસ્ટિંગ્યુસ્ડ સર્વિસ એવૉર્ડ સંસ્થાના તત્કાલીન પ્રેસિડેન્ટ ફાતેમા ઈસ્માઈલને એનાયત થયો હતો. ન્યૂ દિલ્હીના ફેડરેશન ઑફ ઈન્ડિયન ચેમ્બર્સ ઓફ કોમર્સ એન્ડ ઈન્ડસ્ટ્રી તરફથી ૧૯૭૯માં પ્રાપ્ત થયો હતો. ૧૯૮૦માં ઈન્ડિયન મર્ચન્ટ ચેમ્બર અને ૧૯૮૯માં દેશના રાષ્ટ્રપતિ આર. વેંકટરમણના હસ્તે નેશનલ એવૉર્ડ ફોર વેલ્ફેર ઑફ ધી હેન્ડિકેપ્ડ મળ્યો હતો.

### સંસ્થાના પદાધિકારીઓ અને કમિટી

ફેલોશિપ ઑફ ધી ફિઝિકલી હેન્ડિકેપ્ડ (FPH)ના ચીફ પેટ્રેન રાજ્યના ગવર્નર ભગતસિંહ કોશિયારી છે. જ્યારે સ્થાપક પ્રેસિડેન્ટ શ્રીમતી ફાતેમા ઈસ્માઈલ હતાં. એમના પછી જાણીતા આર્કિટેક્ટ અતુલ દેસાઈ પ્રેસિડેન્ટ રહ્યા હતા. હાલમાં ઍક્ટિંગ પ્રેસિડેન્ટ શ્રીમતી શોભા કામરા છે તો વાઈસ પ્રેસિડેન્ટ પ્રવીણ સંઘવી અને જગમોહન કૌલ, જનરલ સેક્રેટરી શ્રીમતી ફૂલા કૌલ જ્યારે આસિસ્ટન્ટ જનરલ સેક્રેટરી શ્રીમતી શીતલ ધાનક અને વિલાસ કોલગાંવકર, હોનરરી ટ્રેઝરર નીતિન મહેતા અને શશી દત્તાણી છે. નીતિન મહેતા સંસ્થાના મુખપત્ર 'લક્ષ્ય'ના તંત્રી છે તેમ જ ગુજરાતી ભાષાના કવિ અને લેખક છે. તેમના બે કાવ્ય સંગ્રહ પ્રગટ થઈ ચૂક્યા છે. એક્ઝિક્યુટિવ કમિટી મેમ્બરમાં શ્રીમતી હસીના રસ્સીવાલા (ફંડ્ઝ કમિટી ચૅરપર્સન), શ્રીમતી ગંગા વઝીરાણી, શ્રીમતી નીલુ લુલ્લા, ડૉ. શ્રીધર કુલકર્ણી, ડૉ. સી. વી. મોહન, શ્રીમતી પ્રીતિ મિસ્ત્રી, રામકિશોર અગરવાલ, વી. વી. દત્તાણી, ભગવાન જયસિંઘ, શ્રીમતી ફાતિમા ઝેડ, નીમુ ચાવલા.



**હૅન્ડલૂમ અને વિવિંગ વિભાગ** હૅન્ડલૂમ અને વિવિંગ વિભાગમાં પોતું મારવાનાં કપડાં, નેપકીન, શૉપીસ, ટોવેલ, કૉટનના સિંગલ કલરના શર્ટપીસ, બેડશીટ વગેરે બનાવવામાં આવે છે.



**કાર્પેન્ટરી વિભાગ** પોલિયોગ્રસ્ત વ્યક્તિ માટે કાર્પેન્ટરી વિભાગમાં દિવ્યાંગજન માટેની ખુરશી અહીં બનાવાય છે. મુંબઈમાં દિવ્યાંગજનોના જેટલા ટૅલિફોન બૂથ છે એ બધા અહીં બન્યા છે. આ ઉપરાંત ઘોડી, વૉકર, લાકડી તેમ જ ફર્નિચર બને છે. તાલીમાર્થી અહીં શીખીને તૈયાર થાય છે.



**ટેલરિંગ વિભાગ** આ વિભાગમાં ટેલરિંગ એમ્બ્રોયડરી અને બ્લૉક પ્રિન્ટિંગ શીખવવામાં આવે છે. જેમાં બેગ, લેડીઝ-જેન્ટ્સના ડ્રેસ બને છે.




**પ્રિન્ટિંગ વિભાગ** ત્રીજા માળે પ્રિન્ટિંગ અને બુકબાઈન્ડિંગ વિભાગ છે જ્યાં લેટરહેડ, વિઝિટિંગ કાર્ડનું ઓફસેટ પ્રિન્ટિંગ થાય છે. સ્ક્રિન પ્રિન્ટિંગ અને વારલી પ્રિન્ટિંગની પણ સગવડ છે.

## સંસ્થાના આધારસ્તંભ



**સ્વ. શ્રીમતી ફાતિમા ઈસ્માઈલ**
સ્થાપક પ્રમુખ



**સ્વ. શ્રી અતુલ દેસાઈ**
ભૂતપૂર્વ પ્રમુખ



**શ્રીમતી શોભા કામરા**
કાર્યકારી પ્રમુખ




**શ્રી પ્રવીણ સંઘવી**
ઉપપ્રમુખ



**શ્રી જગમોહન કૌલ**
ઉપપ્રમુખ



**શ્રી નીતિન મહેતા**
માનદ ખજાનચી



**શ્રીમતી ફૂલા કૌલ**
માનદ મુખ્ય સચિવ



**શ્રીમતી શીતલ ધાનક**
ઍસો. માનદ મુખ્ય સચિવ



**શ્રી વિલાસ કોલગાંવકર**
ઍસો. માનદ મુખ્ય સચિવ



**શ્રીમતી શશી દત્તાણી**
માનદ ખજાનચી

## FPH બૅન્કવેટ હૉલ ઓપન ટેરેસ સાથે



સંસ્થાનો ૪૦૦ જણની ક્ષમતાનો એસી બૅન્કવેટ હૉલ છે. જે લગ્નપ્રસંગ માટે ભાડે અપાય છે. ૮૦ કારની પાર્કિંગ સગવડ છે. ૭૦૦૦ સ્ક્વૅર ફૂટનું ઓપન ટેરેસ છે. એસી કૉન્ફરન્સ રૂમ છે. જ્યાં પાર્ટી યોજી શકાય છે. ફેમિલી ગેધરીંગ પણ થઈ શકે.



**કૃત્રિમ પગ** અહીં જયપુર ફૂટ જેવા આર્ટિફિશિયલ પગ બનાવવામાં આવે છે. માત્ર પગ બનાવાય છે.



**એસેમ્બલિંગ વિભાગ** મેન્ટલી ચેલેન્જ્ડ દિવ્યાંગજનને બહુ મગજ ચલાવવું ન પડે તેવું એસેમ્બલીંગ કામ શીખવાડાય છે, જેમ કે સ્ટીકર બનાવવા, રમકડાં, સ્વસ્તિક, એન્વેલપ, દીવા , કાગળથી બનેલી થેલીઓ, આર્ટિફિશિયલ જ્વેલરી, પેસ્ટીંગ વગેરે શીખવવામાં આવે છે.



**મશીન શોપ** મશીન શોપ વિભાગમાં સામાન્ય અને બૅટરીથી ચાલતી વ્હીલચૅર અને ટ્રાઈસિકલ બનાવતા શીખવાડાય છે. દિવ્યાંગ હોય પણ જેના હાથ બરાબર હોય તે આ કામ કરી શકે છે. મુંબઈમાં ઉપયોગમાં લેવાતી મોટા ભાગની વ્હીલચૅર અહીં બની છે.



**આઈટી વિભાગ** આઈટી વિભાગમાં કૉમ્પ્યુટરની ટ્રેનિંગ અપાય છે. બહેરામૂંગા, સ્લો લર્નર અને એક હાથ એવા પણ કૉમ્પ્યુટર ઓપરેટ કરી શકે છે.